| | | | |
|---|---|---|---|
| GJSR010032582026 | રજૂ તારીખ | : | ૧૧.૦૩.૨૦૨૬ |
| | દાખલ તારીખ | : | ૧૧.૦૩.૨૦૨૬ |
| | ફેંસલ તારીખ | : | ૧૭.૦૩.૨૦૨૬ |
| | અવધિ | : | વર્ષ માસ દિવસ<br>૦ ૦ ૦૬ |

આંક–..........

**મહેરબાન સુરતના બીજા અધિક એડીશનલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ સાહેબ,સુરત.**

**ક્રિમી.આગો.જામીન અ.નં. ૧૮૨૮/૨૦૨૬**

**અરજદાર/આરોપીઃ તનવીર અબ્દુલહમીદ શેખ.**
ઉ.વ.૩૬, ધંધો-મજુરી,
રહે-પ૬-એ-૩, એચ-૧, ઈ.ડબલ્યુ.એસ. આવાસ,
કોસાડ, અમરોલી, સુરત.

**વિરૂધ્ધ**

સામાવાળાઃ ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિષયઃ– બી.એન.એસ.૨૦૨૩ની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન મેળવવાની અરજી...**

અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી સી.વી.શાહ.
સામાવાળા તરફે વિ.ડી.જી.પી.શ્રી એન.એલ.સુખડવાલા.

**ચૂકા દો**

(૧) અરજદાર–આરોપીની સુરત શહેર અમરોલી પોલીસ

સ્ટેશન પાર્ટ–એ.ગુના રજિ.નં.૧૧૨૧૦૦૦૪૨૬૦૪૫૩/૨૦૨૬ ના ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૧૮(૧), ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાના કામે પોલીસ ધરપકડ કરે ત્યારે જામીન ઉપર મુકત થવા માટે સબબ બી.એન.એસ.ની કલમ–૪૮૨ અન્વયે હાલની આગોતરા જામીન અરજી કરેલી છે.

૨) અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી નં.૧ ક્રિષ્ના કનૈયાલાલ સહાની તથા હાલના ફરિયાદી વચ્ચે બોલાચાલી થયેલ હતી ત્યારે હાલના અરજદાર/ આરોપીએ શાંતિથી બંને વચ્ચે સમાધાન કરાવવાની કોશિષ કરેલ પરંતુ ફરિયાદીના ઓળખીતા એવા અજાણ્યા ઈસમો પોતાના હાથમાં ચપ્પુ તથા કડા લઈને ત્યાં આવી ગયેલા અને તેના વડે આરોપી નં.૧ ક્રિષ્ના કનૈયાલાલ સહાનીને સદર કડા વડે મોઢાના ભાગે માર મારી ઈજા કરેલ અને નાકના ભાગે પણ માર મારેલ હોય જેથી હાલના અરજદાર/આરોપી ફકત છોડાવવા વચ્ચે પડેલ હતા અને આરોપી નં.૧ નાઓને ૧૦૮ એમ્બ્યુલન્સમાં બેસાડી સારવાર માટે લઈ ગયેલ અને આરોપી નં.૧ નાઓએ હાલના ફરિયાદી વિરૂધ્ધ ક્રોસ ફરિયાદ પણ કે જે અમરોલી પો.સ્ટે.માં ગુ.ર.નં.૧૧૨૧૦૦૦૪૨૬૦૪૫૪/૨૦૨૬ થી નોંધાવેલ છે. સદર કામે કહેવાતા ઈજા પામનારને ગંભીર કહી શકાય તેવી કોઈ પણ

જાતની ઈજા થયેલ નથી. ઈજા પામનાર પોતાનું રોજિંદુ કામકાજ કરી શકવા માટે સક્ષમ છે તેમજ સદર કામે ઈજા પામનારનાઓને હોસ્પિટલમાંથી રજા પણ આપી દેવામાં આવેલ છે. હાલના અરજદાર/ આરોપીનો ઈજા પામનાર ક્રિષ્ણાને એમ્બ્યુલન્સમાં લઈ જવા પુરતો રોલ છે તે સિવાય અન્ય કોઈ રોલ નથી. અરજદાર/આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા વિ.મેજિ.શ્રીની કોર્ટને છે તેમજ ધણા બધા કેસો નામદાર કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી માટે પેન્ડીંગ હોવાથી સદર કેસમાં ઈન્સાફી કાર્યવાહી ચાલીને આખરી નિકાલ થતાં ધણો લાંબો સમય જાય તેમ છે. તેથી અરજીની તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને આગતોરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં અરજદાર/આરોપીના વિ.વ.શ્રી આંક-૩ ના લિસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે જે ધ્યાને લેવા રજૂઆત કરેલ છે.

૩) સદર કામે સરકાર તરફે વાંધા અભિપ્રાય આંક-૪ થી રજુ થયેલ છે તેમજ વિ.ડી.જી.પી.શ્રીએ દલીલ કરી અરજી સામે વાંધો લઈ જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપીનો ફરિયાદીને લાકડાના ફટકાથી મારવાનો રોલ છે. હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ સબળ અને મહત્વનો પુરાવો છે તેમજ અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર છોડવામાં આવે તો ફરિયાદપક્ષે એકત્ર કરેલ પુરાવાઓ સાથે ચેડા

કરે તેમ છે. જેથી ફરિયાદપક્ષના કેસને ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે તેમજ અરજદાર/આરોપીને જામીન પર છોડવામાં આવે તો ઈન્સાફી કાર્યવાહી વખતે મળી આવે તેમ નથી તેમજ અન્ય ગુના આચરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી તેમજ અરજદાર/આરોપી તેમજ સહ આરોપીએ ફરિયાદીશ્રીને માર મારેલ હોય જેથી તમામ હકીકતો ધ્યાનમાં લઈ અરજદાર/આરોપીની આગોતરા જામીન ઉપર મુકત કરવાની અરજી નામંજૂર કરવા રજુઆત કરેલ છે.

૪) પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. જામીન અરજી, તે સાથેના દસ્તાવેજો, તપાસ કરનાર અધિકારીનો અભિપ્રાય તથા તપાસના કાગળો વંચાણે લીધા.

૫) પોલીસ પેપર્સ ધ્યાને લેતાં જણાય છે કે, હાલના અરજદાર/આરોપીએ અન્ય આરોપી સાથે મળી ફરિયાદીને લાકડાના ફટકાથી માર મારી ઈજા પહોંચાડેલ છે. હાલ સદર ગુનાની તપાસ ચાલુ છે. આમ, આરોપીની તપાસના કામે હાજરી અનિવાર્ય છે. જેથી જરૂરી પંચનામા, મુદ્દામાલ વિ. બાબતની તપાસ આરોપીને સાથે રાખી થઇ શકે તેમ છે. જેથી હાલના અરજદાર/આરોપીની હાજરીથી તપાસ આગળ વધી શકે તેમ છે. હાલના અરજદાર/આરોપીની ઓળખ બાબતે તપાસ કરવાની થાય છે તે આરોપીની હાજરીથી થઇ શકે તેમ છે એટલે

કે આરોપીની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂર જણાય છે. જેથી અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા યોગ્ય અને ન્યાયોચિત્ત જણાતું ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:-- <u>હુકમ</u> :--**

અરજદાર/આરોપી- **તનવીર અબ્દુલહમીદ શેખ**, રહે-પ૬-એ-૩, એચ-૧, ઈ.ડબલ્યુ.એસ. આવાસ, કોસાડ, અમરોલી, સુરતનાઓને સુરત શહેર અમરોલી પોલીસ સ્ટેશન પાર્ટ-એ.ગુના રજિ.નં.૧૧૨૧ ૦૦૦૪૨૬૦૪૫૩/૨૦૨૬ ના ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૧૮(૧), ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) ના કામે અરજદાર/આરોપીની આગોતરા જામીન ઉપર મુકત થવાની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૭ મી, માહે-માર્ચ, સને- ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭.૦૩.૨૦૨૬.
સુરત.
KPP

(રાકેશ રજનીકાંત ભટ્ટ)
બીજા અધિક સેશન્સ જજ, સુરત.
Code No. G.J.00608.